સ્વનિર્ભર (નોન ગ્રાન્ટેડ) શાળાઓને
પ્રોત્સાહક આર્થિક સહાય આપવા
અંગેના ધોરણો નિયત કરવા બાબત.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંક-બમશ/૧૦૧૧/૩૭/ગ
સચિવાલય, ગાંધીનગર
તા. 23 JAN 2014

આમુખઃ-

રાજ્યમાં ચાલતી અનુદાન વગરની બિન સરકારી માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને અપાતા શિક્ષણની ગુણવત્તા, શાળાના શૈક્ષણિક સ્ટાફની લાયકાત અને શૈક્ષણિક અને ઇતર પ્રવૃત્તિઓ માટેની સુવિધામાં વધારો થાય અને એકંદરે શિક્ષણનું સ્તર સારું થાય તે માટે સ્વનિર્ભર માધ્યમિક શાળાઓને પ્રોત્સાહક આર્થિક સહાય મંજૂર કરવાની બાબત સરકારની વિચારણામાં હતી. આ અંગેના સમગ્ર પાસાનો અભ્યાસ કરી એક ચોક્કસ નિતી ઘડવા માટે આ વિભાગના તા.૨૫/3/૧૩ ના ઠરાવથી માન.મંત્રીશ્રીઓની નીચે મુજબની પેટા સમિતિની રચના કરવામાં આવેલ હતી.

| ક્રમ | માનનીય મંત્રીશ્રીનું નામ | હોદ્દો |
|---|---|---|
| ૧. | શ્રી નીતિનભાઇ પટેલ, માન.મંત્રીશ્રી (નાણાં) | અધ્યક્ષ |
| ૨. | શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, માન.મંત્રીશ્રી (શિક્ષણ) | સહ અધ્યક્ષ |
| ૩. | શ્રીમતી આનંદીબેન પટેલ, માન.મંત્રીશ્રી (મહેસુલ) | સભ્ય |
| ૪. | શ્રી સૌરભભાઇ પટેલ, માન.મંત્રીશ્રી (ઉર્જા અને પેટ્રોકેમીકલ) | સભ્ય |
| ૫. | શ્રીમતી વસુબેન ત્રિવેદી, માન.રા.ક.મંત્રીશ્રી (શિક્ષણ) | સભ્ય |
| ૬. | અગ્રસચિવશ્રી (શિક્ષણ) | સભ્ય સચિવ |

૨. સ્વનિર્ભર શાળાઓને ચલાવવા માટે સરકારશ્રી દ્વારા કોઇ અનુદાન આપવામાં આવતું નથી. આવી સ્વનિર્ભર શાળાઓ ચલાવતા કેટલાક સામાજિક, સેવાભાવી જ્ઞાતિ મંડળોના ટ્રસ્ટો પણ છે, જેઓ સમાજ પાસેથી ફાળો એકત્ર કરી આવી શાળાઓનું સંચાલન કરતાં હોય છે. આવી શાળાઓને આર્થિક સહાય આપવા માટે તેમજ ગુણવત્તાસભર શિક્ષણ આપનારને પ્રોત્સાહન આપવા માટે માન.મંત્રીશ્રીની પેટા સમિતિ દ્વારા વિચારણા કરવામાં આવી. આ માટે તા.૨૧/૫/૨૦૧૩, તા.૨૬/૬/૨૦૧૩, તા.૨૧/૮/૧૩ અને તા.૪/૯/૧૩ ના રોજ માન.મંત્રીશ્રી

(નાણા) ના અધ્યક્ષસ્થાને ચર્ચા-વિચારણા કરવા માટે બેઠકો યોજવામાં આવેલ હતી. સમિતિએ પ્રવર્તમાન સ્વનિર્ભર શાળાઓની સંખ્યા, તેઓનું પરિણામ અને ગુણવત્તાની વિસ્તૃત ચર્ચા કરેલ હતી. સમિતિએ આ અંગેના સમગ્ર પાસાઓની વિચારણાને અંતે કરેલ ભલામણો પરત્વે વિચારણાને અંતે રાજ્ય સરકારે મંત્રીમંડળ પેટા સમિતિની ભલામણોનો સ્વીકાર કરેલ છે.

માન.મંત્રીશ્રીઓની પેટા સમિતિની ભલામણોને ધ્યાનમાં લઇ, રાજ્યમાં આવેલ માત્ર સ્વનિર્ભર માધ્યમિક શાળાઓને પ્રોત્સાહક આર્થિક સહાય આપવા માટે નીચે મુજબના ધોરણો ઠરાવવામાં આવે છે.

<u>પસંદગીના ધોરણોઃ-</u>

(૧) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માન્યતા મળ્યા બાદ માધ્યમિક શાળા ઓછામાં ઓછા પાંચ વર્ષથી ચાલતી હોવી જોઇએ.

(૨) માધ્યમિક શાળાનું છેલ્લા ત્રણેય વર્ષનું ધો.૧૦ નું બોર્ડનું પરિણામ ઓછામાં ઓછું નીચે મુજબ હોવું જોઇએ.

(ક) પરિશિષ્ટ -૧ માં બતાવવામાં આવેલ તાલુકાની શાળાઓ તથા મહાનગરપાલિકાના સ્લમ વિસ્તારની શાળાઓ માટે – ૬૦ ટકા

(ખ) મહાનગરપાલિકા વિસ્તારમાં આવેલ શાળાઓ માટે – ૭૫ ટકા

(ગ) રાજ્યના અન્ય વિસ્તારો માટે – ૬૫ ટકા

(૩) પ્રથમ વર્ષે (એટલે કે ૨૦૧૪-૧૫ ના વર્ષ માટે) બજેટની મર્યાદામાં વધુ માં વધુ વિદ્યાર્થીઓને આવરી લેવાય તેટલી લાયક બનતી શાળાઓને આર્થિક સહાય માટે પસંદ કરવાની રહેશે. જે તે શાળાના ધો.૯ ના બધા જ વર્ગોને આવરી લેવામાં આવશે અને ત્યારપછીના વર્ષોમાં ક્રમશઃ ધો.૧૦ના વર્ગોને આવરી લેવામાં આવશે.

(૪) સ્વનિર્ભર શાળાઓના શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓ, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમ-૧૯૭૪ મુજબની શૈક્ષણિક લાયકાત ધરાવતા હોવા જોઇએ તેમજ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો મુજબ વિષયવાર શિક્ષકોની નિમણૂંક કરવાની રહેશે અને શાળામાં નિયત આંતર માળખાકીય સુવિધાઓ ઉપલબ્ધ હોવી જોઇએ.

(૫) રાજ્ય સરકાર દ્વારા નિયત કરેલ ધોરણો મુજબની વિદ્યાર્થી સંખ્યા મુજબના વર્ગો ચલાવવાના રહેશે.

(૬) સ્વનિર્ભર માધ્યમિક શાળા અને આ ઠરાવ હેઠળ પ્રોત્સાહક અર્થિક સહાય મેળવતી શાળાના એક જ પ્રકારના વર્ગો એક જ મકાનમાં એક સાથે ચલાવી શકશે નહી. <u>દા.ત.</u> જો શાળાના ધોરણ-૯ ને પ્રોત્સાહક આર્થિક સહાય યોજનામાં આવરી

લેવામાં આવ્યા હોય તો તે શાળામાં સ્વનિર્ભર ધોરણે, નવમા ધોરણના વર્ગો ચલાવી શકાશે નહિ.

(૭) આ યોજના હેઠળ પ્રોત્સાહક સહાય મેળવવા ઇચ્છતી શાળાઓ તરફથી કમિશનરશ્રી શાળાઓની કચેરી દ્વારા વર્તમાનપત્રોમાં જાહેરાત આપી અરજીઓ મેળવવામાં આવશે. પસંદ કરવામાં આવેલ શાળાઓની આખરી યાદી તૈયાર કરી તે અંગે રાજ્ય સરકારની મંજૂરી મેળવીને કમિશ્નરશ્રી શાળાઓની કચેરીએ તે અંગેના હુકમો કરવાના રહેશે.

<u>આર્થિક સહાયનું પ્રમાણઃ-</u>

(૮) ઉપર મુજબની શરતો સંતોષાતી હોય તેવી શાળાઓને ધો.૧૦ ની બોર્ડ પરીક્ષા પાસ થયેલ વિદ્યાર્થીદીઠ ધો.૯ અને ૧૦ માટે રૂ.૭૫૦૦ પ્રતિવર્ષના દરથી પ્રોત્સાહક આર્થિક સહાય મંજૂર કરવામાં આવશે અને ત્યારબાદ દરવર્ષે ૫% રકમ પછીના ત્રણ વર્ષ સુધી વધારવામાં આવશે ત્યારપછી આ યોજના હેઠળ મળવાપાત્ર સહાયની સમીક્ષા કરવામાં આવશે.

(૯) વર્ષ ૨૦૧૪-૧૫ માટે શાળાઓની પસંદગી માટે વર્ષ ૨૦૧૦-૧૧, ૨૦૧૧-૧૨ અને ૨૦૧૨-૧૩ ના પરિણામ ધ્યાનમાં લેવામાં આવશે. ત્યારબાદના વર્ષો ની મંજૂરી માટે પણ આવી જ પ્રક્રીયા અપનાવવામાં આવે.

(૧૦) વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા માટે કોઇ પ્રવેશ પરીક્ષા રાખી શકાશે નહિ. શાળા દ્વારા કોઇ વિદ્યાર્થીને મેરીટ સિવાયના કારણોસર પ્રવેશ આપવાનો ઇન્કાર કરેલ હોવાનું ધ્યાનમાં આવે તેવા કિસ્સામાં જિલ્લા શિક્ષણાધિકારી તે વિદ્યાર્થીને પ્રવેશ આપવા જણાવે તો તેને તે શાળાએ પ્રવેશ આપવો પડશે. પ્રવેશ માટે માત્ર શાળા છોડયાનું પ્રમાણપત્ર વિદ્યાર્થીએ આપવાનું રહેશે.

(૧૧) શાળાના જેટલા વિદ્યાર્થીઓ ધો.૧૦ ની ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની પરીક્ષામાં ૭૫% કે તેથી વધુ ગુણ મેળવી ઉત્તીર્ણ થયેલ હશે તેટલા વિદ્યાર્થીઓ માટે વિદ્યાર્થીદીઠ ઉપર ક્રમાંક-(૮) માં ઠરાવેલ દર કરતાં વાર્ષિક ૧૦% જેટલી વધારાની આર્થિક સહાય મળવાપાત્ર થશે.

(૧૨) એકવાર ગ્રાન્ટ આપવાનું ચાલુ થયા બાદજે શાળાનું ધો.૧૦ ની પરીક્ષાનું પરિણામ ઉપર ક્રમાંક-૨ થી નિયત કરેલ ટકા કરતાં ઓછું આવેલ હોય, તેવી શાળાઓને તે વર્ષ માટે કોઇપણ આર્થિક સહાય મળવાપાત્ર થશે નહિ.

(૧૩) આ સ્વનિર્ભર માધ્યમિક શાળાઓ ઠરાવના પરિશિષ્ટ- ૨ થી નિયત કરેલ ધોરણે માત્ર સત્ર ફી અને પ્રવેશ ફી લઇ શકશે. આ સિવાયની અન્ય કોઇપણ પ્રકારની ફી કે ડીપોઝીટ પેટે કે અન્ય રીતે કોઇ પણ રકમ વિદ્યાર્થી પાસેથી લઇ શકાશે નહિ.

(૧૪) આ ઠરાવના પરિશિષ્ટ-૩ થી નિયત કરેલ આદર્શ આચાર સંહિતાનું પાલન કરવાનું રહેશે અને આવી આદર્શ આચાર સંહિતાના ભંગ બદલ આ પરિશિષ્ટમાં દર્શાવેલ વિગતે કાર્યવાહી કરી શકાશે.

<u>(૧૫) પ્રોત્સાહક આર્થિક સહાયની યોજના માટેની અન્ય શરતોઃ-</u>

(ક) આ નવી યોજનાનું અમલીકરણ વર્ષ ૨૦૧૪-૧૫ થી કરવાનું રહેશે. આ અંગે ઠરાવ પ્રસિધ્ધ થયે બહોળી પ્રસિધ્ધિ ધરાવતા વર્તમાનપત્રમાં જાહેરાત આપી અરજીઓ મેળવવાની રહેશે. આવી જાહેરાત જે તે શૈક્ષણિક વર્ષના ઓછામાં ઓછા ચાર માસ પહેલાં કરવાની રહેશે.

(ખ) આ યોજના હેઠળ આર્થિક સહાય મેળવતી શાળાઓ કોઇપણ સેલ્ફ ફાયનાન્સ વર્ગો પ્રાઇવેટ ટ્યુશન કે પ્રતિભાલક્ષી પ્રાઇવેટ કોર્ષ કે જેમાં ફી લેવામાં આવતી હોય તેવી કોઇપણ પ્રકારની પ્રવૃત્તિઓ કરી શકાશે નહિ. યોજનામાં સામેલ થતા પહેલાં તેમણે આ અંગે બાહેંધરી આપવી પડશે. આ શરત રાજ્ય સરકારની જી.કે.એસ.કે. સ્કોપ સંસ્થા તરફથી ચલાવવામાં આવતા કોર્ષો પુરતી લાગું પડશે નહિ.

(ગ) પ્રોત્સાહક આર્થિક સહાય માટે મંજૂર થયેલી શાળાના માધ્યમિક વિભાગના જે તે ધોરણના બધા વર્ગો આ યોજનામાં આવરી લેવામાં આવશે. જેમકે ચાલુ શાળામાં હાલ ધો.૯ ના ત્રણ વર્ગ ચાલતાહોય તો શાળાની આ યોજનામાં પસંદગી થયે ત્રણેય વર્ગોનેઆ મળવાપાત્ર થશે.

(ઘ) આ યોજના હેઠળ આવરી લેવામાં આવતા વિદ્યાર્થીઓની વિગતો અને તેમના ફોટા જે તે શૈક્ષણિક વર્ષના સપ્ટેમ્બર માસ સુધીમાં શાળાઓએ, કમિશ્નરશ્રી શાળાઓની વેબસાઇટ ઉપર અપલોડ કરવાની રહેશે.

(છ) શાળામાં વિદ્યાર્થીઓની હાજરી અંગે બાયોમેટ્રીક પધ્ધતિ અપનાવવાની રહેશે અને ત્રિમાસિક ધોરણે વિદ્યાર્થીઓની હાજરીની માહિતી, કમિશ્નરશ્રી શાળાઓની વેબસાઇટ ઉપર અપલોડ કરવાની રહેશે.

(જ) શાળાના શૈક્ષણિક તથા બિનશૈક્ષણિક કર્મચારીઓ ઉપર જે તે શાળાના સંચાલક મંડળનું નિયંત્રણ રહેશે અને સરકારી કર્મચારીઓને મળતા પગાર સહિતના કોઇ નાણાકીય કે અન્ય લાભ મેળવવા તેઓ હકદાર રહેશે નહિ. આ અંગેના કોઇપણ કોર્ટ કેસમાં રાજ્ય સરકારને પક્ષકાર બનાવી શકાશે નહિ.

(ઝ) શાળાના ઇન્ફ્રાસ્ટ્રક્ચર તથા અન્ય ભૌતિક સુવિધાઓ વગેરેની સંપૂર્ણ જવાબદારી શાળા સંચાલક મંડળની રહેશે. તે માટે સરકાર દ્વારા અન્ય કોઇ પણ યોજના કે વિકેન્દ્રીકૃત ફંડથી સહાય મળવાપાત્ર થશે નહિ. ગુજરાત

માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ-૧૯૭૪ હેઠળના વિનિયમો તેમજ વખતો વખત થયેલ સુધારાઓ મુજબની માળખાગત સુવિધાઓ તથા ભૌતિક સુવિધાઓ વગેરેની જવાબદારી સંપૂર્ણપણે શાળા સંચાલક મંડળની રહેશે.

<u>એડવાન્સ ગ્રાંટ</u>

(૧૬) જે વિદ્યાર્થીઓ ધોરણ- ૯ માં પ્રવેશ મેળવશે તેમનું માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડનું ધો.૧૦ ની પરીક્ષાનું પરિણામ બે વર્ષે મળે આથી આ બે વર્ષ દરમિયાન શાળાઓને એડહોક ધોરણે પૈકી નીચે મુજબની સહાય એડવાન્સ તરીકે આપવામાં આવશે.

(ક) પ્રથમ વર્ષે ધોરણ – ૯ માં પ્રવેશ મેળવતા વિદ્યાર્થીઓની સંખ્યાને ધ્યાને લઇ જુલાઇ માસના અંત સુધીમાં ફકરા-૮ માં જણાવ્યા મુજબના વાર્ષિક આર્થિક સહાયની ૪૦% રકમ શાળા પાસેથી ઇન્ડેમનીટી બોન્ડ મેળવી તેમને એડવાન્સ આપવામાં આવશે.

(ખ) ત્યારપછી નવેમ્બર માસમાં ધો.૯ ના વિદ્યાર્થીઓનું આંતરીક પરીક્ષાનું પરિણામ મેળવી પાસ થયેલ વિદ્યાર્થીઓની સંખ્યા પૂરતી બીજા હપ્તાની વધારાની ૪૦% સહાય આપવામાં આવશે.

(ગ) આ વિદ્યાર્થીઓ જયારે ધોરણ – ૧૦ માં પ્રવેશ મેળવે ત્યારે તે વર્ષે જુલાઇ માસ સુધીમાં શાળાઓને તે વર્ષના મળવાપાત્ર વાર્ષિક આર્થિક સહાયની ૪૦% રકમ ત્રીજા હપ્તાની એડવાન્સ પેટે ઇન્ડેમનીટી બોન્ડ મેળવ્યા પછી આપવાની રહેશે.

(ઘ) જયારે માધ્યમિક શિક્ષણ બોર્ડ તરફથી ધોરણ – ૧૦ નું પરિણામ બહાર પડે, ત્યારે જે તે નવી પરિણામ આધારિત આર્થિક સહાય મેળવતી શાળાઓના વિગતવાર પરિણામો મેળવી કમિશ્નરશ્રીની શાળાઓની કચેરીએ બાકી રહેતી ગ્રાન્ટ એક માસની અંદર જેતે શાળાઓને આપવાની રહેશે. આ ગ્રાન્ટ આપતી વખતે અગાઉ ત્રણ તબક્કામાં આપવામાં આવેલ એડવાન્સ સામે જે લેણી નીકળતી હોય તે રકમ સરભર કરવાની રહેશે. આ દરમિયાન જો રાજ્ય સરકારને શાળાઓ પાસેથી કોઇ રકમ પાછી મેળવવાની હોય તો તે માટે કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી નોટીસ આપી ૧૦ ટકા રકમ વ્યાજ સાથે રકમ પરત મેળવશે. જો કોઇપણ શાળા ૩૦ દિવસમાં રકમ પાછી સરકારમાં જમા ન કરાવે તો એ શાળા પાસેથી આ રકમ મહેસૂલી લેણા તરીકે વસુલ કરવાની રહેશે.

(ચ) ઉપરના પેટા ફકરા ક થી ઘ હેઠળ પ્રોત્સાહક આર્થિક સહાયની ગણતરી માટે, પ્રથમ વર્ષ પછી યોજનામાં મંજૂર થયેલ દરેક ધોરણના વર્ગોની વિદ્યાર્થી સંખ્યાને ધ્યાને લેવામાં આવશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(નિલેશ ત્રિવેદી)
નાયબ સચિવ
શિક્ષણ વિભાગ
ગુજરાત સરકાર

બિડાણઃ- પરિશિષ્ઠ-૧
પરિશિષ્ઠ-૨
પરિશિષ્ઠ-3

પ્રતિ,

- નામ.રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- માન.મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, માન.મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર
- સર્વે માન.મંત્રીશ્રીના અંગત સચિવશ્રી સચિવાલય, ગાંધીનગર
- સર્વે માન.રા.ક.મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી (પ્રા.શિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- સચિવાલયના સર્વે વિભાગો
- સચિવશ્રી, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર
- મહાલેખાકારશ્રી, રાજકોટ/અમદાવાદ
- પગાર અને હિસાબી અધિકારીશ્રીની કચેરી, ગાંધીનગર
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર
- તમામ જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ
- એક્ઝામીનરશ્રી, લોકલફંડ ઓડીટ, ગાંધીનગર
- નાણા સલાહકારશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

- સર્વે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ
- સર્વે અધિકારીશ્રીઓ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સર્વે શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાયબ સેક્શન અધિકારી, સિલેક્ટ ફાઇલ
- સિલેક્ટ ફાઇલ

પરિશિષ્ટ-૧.

૫૦% કરતા ઓછો સાક્ષરતા દર હોય તેવા તાલુકાઓ તથા વિકાસશીલ તાલુકાઓની યાદી:-

| ક્રમાંક | તાલુકાનું નામ | જિલ્લાનું નામ |
|---|---|---|
| ૧. | કવાંટ | છોટા ઉદેપુર |
| ૨. | ધાનપુર | દાહોદ |
| ૩. | કપરાડા | વલસાડ |
| ૪. | ઘોઘંબા | પંચમહાલ |
| ૫. | વાવ | બનાસકાંઠા |
| ૬. | ગરબાડા | દાહોદ |
| ૭. | સાગબારા | નર્મદા |
| ૮. | મોરવા(હડફ) | પંચમહાલ |
| ૯. | આહવા | ડાંગ |
| ૧૦ | વઘઇ | ડાંગ |
| ૧૧ | સુબીર | ડાંગ |
| ૧૨ | ઉમરપાડા | સુરત |
| ૧૩. | નસવાડી | છોટા ઉદેપુર |
| ૧૪ | દેડીયાપાડા | નર્મદા |
| ૧૫. | ઝાલોદ | દાહોદ |
| ૧૬. | ફતેહપુરા | દાહોદ |
| ૧૭. | રાપર | કચ્છ |
| ૧૮. | ઉચ્છલ | તાપી |
| ૧૯. | સાંતલપુર | પાટણ |
| ૨૦ | લીમખેડા | દાહોદ |
| ૨૧. | કડાણા | મહીસાગર |
| ૨૨. | દેવગઢ બારીયા | દાહોદ |
| ૨૩. | બરવાળા | બોટાદ |
| ૨૪. | જેતપુર-પાવી | છોટા ઉદેપુર |
| ૨૫. | ખાનપુર | મહીસાગર |
| ૨૬. | થરાદ | બનાસકાંઠા |
| ૨૭. | શહેરા | પંચમહાલ |
| ૨૮. | સમી | પાટણ |

| | | |
|---|---|---|
| ૨૯. | નીઝર | તાપી |
| ૩૦. | કલ્યાણપુર | દેવભૂમિ દ્વારકા |
| ૩૧. | અમીરગઢ | બનાસકાંઠા |
| ૩૨. | સંતરામપુર | મહીસાગર |
| ૩૩. | લખપત | કચ્છ |
| ૩૪. | ઘોઘા | ભાવનગર |
| ૩૫ | સોનગઢ | તાપી |
| ૩૬. | વાલીયા | ભરુચ |
| ૩૭. | દાંતા | બનાસકાંઠા |
| ૩૮. | ચોટીલા | સુરેન્દ્રનગર |
| ૩૯. | દિયોદર | બનાસકાંઠા |
| ૪૦. | ભાભર | બનાસકાંઠા |
| ૪૧. | સાયલા | સુરેન્દ્રનગર |
| ૪૨. | કાંકરેજ | બનાસકાંઠા |
| ૪૩. | જાંબુ-ઘોડા | પંચમહાલ |
| ૪૪. | છોટાઉદેપુર | છોટાઉદેપુર |
| ૪૫. | ખેડબ્રહ્મા | સાબરકાંઠા |
| ૪૬. | ધાનેરા | બનાસકાંઠા |
| ૪૭. | ભચાઉ | કચ્છ |
| ૪૮. | દાંતીવાડા | બનાસકાંઠા |
| ૪૯. | દાહોદ | દાહોદ |
| ૫૦. | જાફરાબાદ | અમરેલી |
| ૫૧. | રાધનપુર | પાટણ |
| ૫૨. | ડીસા | બનાસકાંઠા |
| ૫૩ | મૂળી | સુરેન્દ્રનગર |
| ૫૪. | હારીજ | પાટણ |
| ૫૫. | ધરમપુર | વલસાડ |
| ૫૬. | મેઘરજ | અરાવલ્લી |
| ૫૭. | અબડાસા | કચ્છ |
| ૫૮. | માલપુર | અરાવલ્લી |
| ૫૯. | ઓખામંડળ(દ્વારકા) | દેવભૂમિ દ્વારકા |
| ૬૦. | મહુવા | ભાવનગર |

## પરિશિષ્ઠ-૨

પ્રોત્સાહક આર્થિક સહાય મેળવતી શાળાઓ દ્વારા લેવાની ફી ના દર

| ક્રમાંક | ધોરણ | સત્રદીઠ સત્ર ફી | પ્રવેશ ફી |
|---|---|---|---|
| ૧. | ૯ | ૧૦૦ | ૧૦૦ |
| ૨. | ૧૦ | ૧૦૦ | ૧૦૦ |

## પરિશિષ્ઠ-૩

## આદર્શ આચાર સંહિતા

(ક) **આદર્શ આચાર સંહિતા**

૧. વિદ્યાર્થીઓ પાસેથી શાળા દ્વારા લેવામાં આવેલ ફી ની પાકી પાવતી આપવાની રહેશે.

૨. શાળાએ લીધેલ ફી મળેલ સહાય અને દાન સામે કરેલ ખર્ચનું દર વર્ષે ઓડિટ કરાવી હિસાબો પોતાની વેબસાઇટ તેમજ વિદ્યાર્થી તથા વાલીઓની જાણકારી માટે શાળાના નોટીસ બોર્ડ ઉપર દર વર્ષે જાહેર હિતાર્થે પ્રસિધ્ધ કરવાના રહેશે.

૩. શાળાઓ પ્રવેશ વખતે કોઇ વાલી પાસે ડોનેશન અથવા કોઇપણ જાતની વિકાસ ફી માગી શકશે નહિ.

૪. શાળા વિદ્યાર્થીઓના પ્રવેશ વખતે વિદ્યાર્થીઓ કે વાલીઓના મૌખિક ઇન્ટરવ્યુ લઇ શકશે નહિ.

૫. શાળાએ વિદ્યાર્થીઓના પ્રવેશ બાબતે પારદર્શક પ્રવેશ પધ્ધતિ અપનાવવાની રહેશે.

૬. આ શાળામાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ અન્ય સ્કૂલોમાં પ્રવેશ લેવા ઇચ્છતા હોય ત્યારે તેમની ઇચ્છા વિરૃધ્ધ સર્ટીફીકેટ કે અન્ય દસ્તાવેજ રોકી શકાશે નહિ.

૭. શાળામાં હાલના ફી ના ધોરણની વિગત શાળાની માહિતી પુસ્તિકા (Prospectus) દ્વારા નવા પ્રવેશ મેળવતા વિદ્યાર્થી અને વાલીઓને આપવાની રહેશે અને તે માહિતી પ્રવેશની કાર્યવાહી વખતે વેબસાઇટ, નોટિસ બોર્ડ ઉપર મુકવાની રહેશે.

૮. શાળાઓના શિક્ષકો-કર્મચારીઓ માધ્યમિક શિક્ષણ વિનિયમો-૧૯૭૪ ના વિનિયમ-૨૦ અન્વયે નિયત કરેલ શૈક્ષણિક લાયકાત અને અનુભવ ધરાવતા હોવા જોઇએ.

૯. શાળાએ મેળવેલ મંજૂરી/માન્યતા વખતે નિયત ધોરણો/નિયમોનું ચુસ્ત રીતે પાલન કરવાનું રહેશે. તેમજ રાજ્ય સરકાર કે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા વખતો વખત બહાર પાડવામાં આવેલ ધોરણો/નિયમો પણ બંધનકર્તા રહેશે.

૧૦. શાળાઓએ વિદ્યાર્થીઓને ચોક્કસ પ્રકારના પુસ્તકો, સાહિત્ય, ગણવેશ કે બુટ પોતાની સંસ્થા પાસેથી કોઇ ચોક્કસ સંસ્થા કે એજન્સી પાસેથી કે ચોક્કસ માર્કા કે કંપનીના ખરીદવા માટે આગ્રહ રાખી શકશે નહિ કે ફરજ પાડી શકશે નહિ.

૧૧. સ્વનિર્ભર શાળાઓએ મંજૂર થયેલા વર્ગોમાં ગુજરાત માધ્યમિક શિક્ષણ નિયમો-૧૯૭૪ ના વિનિયમની કલમ-(૧૩)(૩) પ્રમાણે વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાનો રહેશે.

૧૨. શાળાના સમય દરમ્યાન અથવા ત્યારબાદ શાળામાં કોચીંગ સેન્ટર ચલાવી શકશે નહિ.

## (ખ) આદર્શ આચાર સંહિતાના ભંગ બદલ કાર્યવાહી

ઉપરોક્ત આચાર સંહિતના ભંગ માટે માધ્યમિક શિક્ષણ અધિનિયમ-૧૯૭૨ અને માધ્યમિક શિક્ષણ વિનિયમ-૧૯૭૪ ની આનુષાંગિક કલમ, વિનિયમનો ભંગ ગણી નીચે મુજબની કાર્યવાહી કરવામાં આવશે.

૧. જો શાળા આચાર સંહિતાનો ભંગ કરે તો તેની ફરિયાદ વિદ્યાર્થી/વાલીએ સંબંધિત જિલ્લા શિક્ષણાધિકારીશ્રીને કરવાની રહેશે. જિલ્લા શિક્ષણાધિકારીએ આવી ફરિયાદની કુદરતી ન્યાયના સિધ્ધાંતને ધ્યાને રાખીને ઉભયપક્ષે કારણદર્શક નોટિસ આપી સુનાવણી કરીને સ્વયં સ્પષ્ટ અભિપ્રાય સાથે પોતાની ભલામણ સાથેનો અહેવાલ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડને મોકલવાનો રહેશે.

૨. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીના અહેવાલના આધારે નિયમોના ભંગ કરવા બદલ શાળાને કારણદર્શક નોટિસ આપી યોગ્ય દંડ કરી શકશે.

3. જે શાળા આચાર સંહિતાનો ભંગ કરવા બદલ જવાબદાર ઠરશે, તે શાળાને આ યોજના હેઠળ મળતી પ્રોત્સાહક આર્થિક સહાય બંધ કરવામાં આવશેઅને/અથવા આપવામાં આવેલ સહાયની રકમની વસૂલાત પણ કરી શકાશે. કમિશ્નર, શાળાઓની કચેરીએ આ અંગેની કાર્યવાહી કરી તેનીજાણ સરકારને કરવાની રહેશે.

૪. શાળા સામે ગંભીર ફરિયાદ હશે અને તેમાં તથ્ય જણાશે તો તે શાળા સામે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો-૧૯૭૪ ના વિનિયમ-૧૨(ખ) તથા વિનિયમ-૯ મુજબ શાળાની માન્યતા રદ કરવા અંગેની કાર્યવાહી કરી શકશે.